# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૨૨/૧૧/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# દેશની મહિલાઓએ માતૃત્વથી નેતૃત્વ સુધીનો દાયરો સાધવાનો છે : વિશ્વ માંગલ્ય સભાના ચીફ મેમ્બર પૂજા દેશમુખ

## ચેમ્બરની લેડીઝ વીંગ દ્વારા 'રાષ્ટ્ર નિર્માણમાં ભારતીય મહિલાઓની ભૂમિકા' જેવા મહત્વના વિષય ઉપર વિશ્વ માંગલ્ય સભાનું આયોજન કરાયું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની લેડીઝ વીંગ દ્વારા સોમવાર, તા. ૨૨ નવેમ્બર, ૨૦૨૧ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'રાષ્ટ્ર નિર્માણમાં ભારતીય મહિલાઓની ભૂમિકા' વિષય ઉપર વિશ્વ માંગલ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વકતા તરીકે વિશ્વ માંગલ્ય સભાના ચીફ મેમ્બર પુજા દેશમુખે મહિલા સાહસિકો જ નહી પણ દેશની સામાન્ય મહિલાઓ પણ રાષ્ટ્ર નિર્માણમાં કેવી રીતે સહયોગી બની શકે છે ? તેના વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

વિશ્વ માંગલ્ય સભાના ચીફ મેમ્બર પુજા દેશમુખે જણાવ્યું હતું કે, સ્ત્રીઓ વૈદિક કાળથી દરેક ક્ષેત્રમાં આગળ છે. ગૃહિણી તરીકે રસોઇમાં અન્નપૂર્ણા બનીને, ફાયનાન્સ માટે લક્ષ્મી બનીને, સુરક્ષા માટે દુર્ગા બનીને અને જ્ઞાન માટે સરસ્વતિ બનીને સ્ત્રીઓ પોતાના જ્ઞાનનો બાળકોને સુસંસ્કારી બનાવવા માટે ઉપયોગ કરી શકે છે. બાળકો સુસંસ્કારી બનશે તો પરિવાર મજબુત થશે. પરિવાર થકી સમાજ અને સમાજ થકી આ દેશ મજબુત બનશે. એના માટે દેશની દરેક સ્ત્રીઓને સારી માતા બનવું પડશે.

તેમણે જણાવ્યું હતું કે, કેજીથી લઇને પીજી સુધીના કોર્સિસ થકી સ્ત્રી પગભર બની શકે છે પણ પરિવારમાં દિકરી, પત્ની અને માતા બનીને સ્ત્રી પરિવારમાં બાળકોને સારા સંસ્કારો આપી ૧૦૦ વર્ષ સુધી સમાજ અને રાષ્ટ્રને ઉપયોગી બની શકે એવી પીઢીનું નિર્માણ કરી શકે છે. એના માટે તેમણે અહિલા દેવી હોળકરનો દાખલો આપ્યો હતો. તે સમયે જે કોઇપણ અહિલા દેવી હોળકરને મળતા તો તેઓ તેમના ચરણમાં નતમસ્તક થઇ જતા હતા. આથી દેશમાં અહિલા દેવી જેવી સ્ત્રીઓનું નિર્માણ કરવાની દિશામાં વિચારવું જોઇએ.

દેશનો ઇતિહાસ જોઇએ તો એક સામાન્ય મહિલાએ જ તેના સામાન્ય વિચારો થકી અસામાન્ય કામ કર્યું છે. ઘર, પરિવાર અને સમાજના બાળકો પણ દેશનો વિચાર કરે તે માટે તેઓને સંસ્કાર આપતી માતાઓનું નિમાર્ણ કરવાનું છે. એક સામાન્ય મહિલા જ્યારે ક્રાંતિ લાવી શકે છે તો સુરત સહિત દેશની મહિલાઓ નકકી કરે તો દેશમાં ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવા માટે નવી પીઢીને સંસ્કાર આપી રાષ્ટ્ર નિર્માણમાં ઘણું મોટું કામ કરી શકે છે. તેમણે વિશ્વ માંગલ્ય સભા વિશે ચર્ચા કરતા કહયું હતું કે, વર્ષ ૨૦૧૦થી મહારાષ્ટ્રના નાગપુર ખાતેથી આ સભાની શરૂઆત થઇ હતી. ગુજરાતમાં વડોદરા, ખેડા, નડીયાદ, અમદાવાદ, ભાવનગર, જામનગર, રાજકોટ અને ગાંધીનગર બાદ હવે સુરતમાં પણ તેઓની શાખાની શરૂઆત થઇ છે.

આજની સભામાં ચેમ્બરની લેડીઝ વીંગના ચેરપર્સન રમા નાવડિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. લેડીઝ વીંગના જોઇન્ટ સેક્રેટરી સ્વાતિ જાનીએ સમગ્ર સભાનું સંચાલન કર્યું હતું. લેડીઝ વીંગના સભ્ય મયૂરી મેવાવાલાએ વકતા પૂજા દેશમુખનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના ગૃપ ચેરમેન નિખિલ મદ્રાસીએ સભામાં પ્રાસંગિક વિધી કરી હતી. અંતે લેડીઝ વીંગના સેક્રેટરી મનીષા બોડાવાલાએ સર્વેનો આભાર માની સભાનું સમાપન કર્યુ હતું.